

# CORONA EXPRESS

SURAT, MONDAY, 12/04/2021 । અંક : 10

**શ્વાસ ખૂટે નહીં, વિશ્વાસ વધતો રહે, કોરોનાની આ કપરી પરિસ્થિતિને આવો સાથે મળીને પાર પાડીએ... કોરોનાને હરાવીએ...**

Address : 8th Flr, Kashi Plaza, Opp. Dayalji Ashram, Majura Gate, Surat. Ph. No. 7573013130, 7573013132



**ડૉ. નિકુંજ વિઠ્ઠલાણી**
તંત્રી સ્થાનેથી

## શિસ્ત, સહકારથી જીતીશું આ યુધ્ધ..

ડોક્ટરો આવા લાચાર ક્યારેય ન્હોતા. એક બેડની વ્યવસ્થા કરી આપો...એક રેમડેસિવીર જોઇએ છે...ઓક્સિજન ખૂટી ગયો છે...અમારી પાસે કોઇ જવાબ નથી. સ્થિતિ હાથમાંથી નીકળતી જાય છે. એક ડોક્ટર તરીકે મને અંદેશો હતો કે બીજી પીક આવશે..પણ આ પીક આવી ગંભીર હશે એ આપણામાંથી કોઇ ન્હોતું જાણતું.

આખું ગુજરાત અત્યારે કોરોનાનાં જ્વાળામુખી પર બેઠું છે. જ્વાળામુખી ફાટી ગયો છે અને એનો લાવા શહેરભર પર ફરી વળ્યો છે. સ્મશાનમાં ચાલી રહેલા વેઇટિંગ એ આપણી પોઝિટિવિટીને, આપણી આશાને, આપણાં વિશ્વાસને, આપણી સ્વસ્થતાને વેઇટિંગમાં મૂકી દે છે.

હેલ્થ કેર એક્સપ્રેસનો આ વિશેષ ઇશ્યૂ-કોરોના પર પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. એનું કારણ એટલું જ છે કે-અત્યારે આ શહેરને, આ ગુજરાતને જરૂરી છે સહકારની. એકમેકનાં સહકારની. હોસ્પિટલોમાં જગ્યા નથી પણ ડોક્ટર્સ મેનેજ કરી રહ્યા છે. ચોવીસ કલાક કામ થઇ રહ્યું છે. આવા સમયે જો નાગરિકો થોડો સમય ઘરમાં રહે, સેલ્ફ લોકડાઉન પાળે તો ડોક્ટર્સને મદદ મળી રહે.

હું સૌને એક જ અપીલ કરી રહ્યો છું-આ સમય સાવચેતીનો છે. સાવધાની છો. શિસ્તનો છે. માસ્ક પહેરો. કારણવિના ઘરની બહાર નહીં નીકળો.  તમે જો ઘરે રહેશો તો કોરોનાની ચેઇન તોડવામાં મદદ મળશે.બીજી એક અપીલ મારે વેક્સિન અંગે કરવી છે. કોરોના સામે લડવા માટે વેક્સિન એ અમોઘ શસ્ત્ર છે. વેક્સિન મૂકાવવી જોઇએ. વેક્સિનથી ડરો નહીં. વેક્સિન કોરોના સામે શરીરની આસપાસ એક કવચ તૈયાર કરી આપે છે.કોરોના સામે અત્યારે આ કવચની જરૂર છે. જો-વેક્સિન મૂકાવ્યા પછી પણ કોરોના થાય છે તો ગભરાશો નહીં. વેક્સિન મૂકાવ્યા પછી થયેલો કોરોના તમારા હોસ્પિટલાઇઝેશનની બચાવશે. આ કોરોના ગંભીર સ્વરૂપ ધારણ નહીં કરે. આ સાથે તમામ કોરોના વોરિયર્સને એક સલામી...તમે સરહદ પર ઊભેલા સૈનિકોથી કમ નથી. એમનાં કમિટમેન્ટ અને એમનાં શિસ્તે આ શહેરને-ગુજરાતને બચાવવામાં મોટો ભાગ ભજવ્યો છો.

# પાચનની સમસ્યા થાય તો કોવિડ રિપોર્ટ કઢાવો

## જો ઝાડા ઉલ્ટી થતા હોય કે શ્વાસ ચડતો હોય તો કોવિડ હોય શકે છે-તરત જ RTPCR કઢાવો

**સુરત ।** કોરોના વાયરસની આ બીજી પીક પહેલી પીક કરતા થોડી વધારે અઘરી છે. આ બીજી પીકમાં સંક્રમિત લોકોની સંખ્યા અને મૃત્યુ બેઉ વધી રહ્યા છે. સામાન્ય રીતે કોરોના થાય ત્યારે તાવ આવે, શરીર દુખે, સ્વાદ અને ગંધ જતા રહે, શ્વાસ ચડે, ઠંડી લાગે. પણ હવે બીજી પીક દરમિયાન આંખો ગુલાબી થઇ જવી, સાંભળવામાં મુશ્કેલી આવવી જેવા લક્ષણો પણ જોવા મળી રહ્યા છે. એક વખત વાયરસની ઝપેટમાં આવવા પર ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઈનલની જટિલતાઓનો સામનો કરવો પડી શકે છે.



### બીજી પીકમાં આંખ લાલ થવાનાં લક્ષણો દેખાય છે

**ગુલાબી આંખ અથવા કન્જક્ટિવાઈટિસપિંગ PINK EYE (CONJUNCTIVITIS) :** એક રિસર્ચ અનુસાર ગુલાબી આંખ અથવા કન્જક્ટિવાઈટિસપિંગ કોવિડ-19 સંક્રમણનો પણ એક સંકેત હોઈ શકે છે. આંખથી સંબંધિત સમસ્યા પિંક આઈ અથવા કન્જક્ટિવાઇટિસમાં આંખ લાલ, સૂજી જવી અને પાણીવાળી થઈ જાય છે. 12 પ્રતિભાગી કોરોના વાયરસના નવા સ્ટ્રેનથી સંક્રમિત થયા હતા. તેમણે આ લક્ષણોની વાત કરી હતી.

## બીજી પીકમાં ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઇનલની ફરિયાદ જોવા મળે છે

### ઉલ્ટી થાય તો સાવચેત થઇ જાવ

ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઈનલના લક્ષણ - રિસર્ચનું કહેવું છે કે, ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઈનલની નવી ફરિયાદ સાંભળવા મળી રહી છે. કોરોના વાયરસ ઉપરની શ્વસન પ્રણાલીમાં સંક્રમણનું કારણ બને છે. માટે લોકો પોતાની ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઇનલ અસુવિધાને કોરોના વાયરસ સંક્રમણ સાથે નથી જોડતા.  આ એક આશઅચર્ય રીતે આવી શકે છે, પરંતુ અનેક કેસમાં જોવા મળ્યું છે કે, ઝાડા અને ઉલ્ટી કોરોના વાયરસના સંકેત હોઈ શકે છે.

### કિડની, લિવર પણ ડેમેજ થઇ શકે

નિષ્ણઆંતોએ હાલની સ્થિતિમાં ઝાડા અથવા ઉલ્ટીના લક્ષણોને ન અવગણવાની સલાહ આપી છે. રિસર્ચ અનુસાર, કોવિડ-19 મુખ્ય રીતે શ્વસન તંત્રને પ્રભાવિત કરે છે, પરંતુ તેનો પ્રભાવ અન્ય અંગો જેમ કે કિડની, લીવર અને આંતરડા પર પણ હોઈ શકે છે. ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઇનલના લક્ષણોમાં પેટમાં ખેંટાણ, ઉબકા, દુખાવો, ઝાડા અને ઉલ્ટી સામેલ છે. જો તમને પાચનની કોઈ સમસ્યા છે તો તમારે ચોક્કસ તપાસ કરાવવી જોઈએ.

### કાનમાં બહેરાશ પણ અનુભવાય છે

બહેરાશ અથવા સાંભળામાં મુશ્કેલી: બહેરાશ અથવા ઓછું સંભળાવવું પણ કોરોના વાયરસના ગંભીર લક્ષણોમાંથી એક હોઈ શકે છે. ઇન્ટરનેશનલ જર્નલ ઓફ ઓડિયોલિજીમાં પ્રકાશિત રિસર્ચ અનુસાર, કોવિડ-19 સાંભળવાની સમસ્યા માટે નેતૃત્વ કરી શકે છે. એક અથવા બે કાનમાં સતત અવાજ અથવા ભણકારાનો અનુભવનો સંદર્ભ ટિન્નિટસ તરીકે હોય છે. રિસર્ચથી જાણવા મળ્યું છે કે, કોરોના પ્રભાવિત 7.6 ટકા લોકો કંઈક સાંભળવાના મુદ્દાનો સામનો કર્યો છે.

**સફળતા બેદરકારીમાં તબદીલ ન થવી જોઈએ. રસીનો બગાડ પણ થઈ રહ્યો છે એવું જાણવા મળ્યું છે. આપણે આ બધી બાબતોમાં કાળજી રાખવી પડશે.**

**- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



## બીજી પીક શું છે?

# એકાએક કેસ વધવા માંડે ત્યારે કોરોના પીક બદલે છે એવું કહેવાય

**સુરત ।** નિષ્ણાતો અનુસાર સામાન્યપણે કોઈ પણ મહામારીની બીજી લહેરને તેનો સંક્રમણ સંબંધિત ફેલાવો, સંક્રમણનો દર અને મૃત્યુના દર સાથે સાંકળીને વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જ્યારે કેસોની સંખ્યા કાબૂમાં હોય છે, ત્યારે તે ગ્રાફમાં એક સીધી દિશામાં આગળ વધે છે, પરંતુ કેસની સંખ્યા એકાએક વધવા લાગતા ગ્રાફ ઊંચો જવા લાગે છે અને પછી તે ફરીથી નીચે આવે છે. જેથી એક 'આકાર' બને છે જે પીક તરીકે ઓળખાય છે.

સુરતના અર્બન હેલ્થ અને ક્લાઇમેટ રેસિલિયન્સ સેન્ટર ઓફ એક્સલન્સના ટેકનિકલ ડિરેક્ટર ડો. વિકાસ દેસાઈ આ વિશે કહે છે કે, સામાન્ય શબ્દોમાં એમ કહી શકાય કે એકાએક પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો જોવા મળવા લાગે એટલે તેને બીજી લહેરના સંકેત તરીકે જોઈ શકાય છે.

વધુમાં ડો.વિકાસ દેસાઇ કહે છે કે-બિમારીમાં પરિવર્તન આવવાની એક હિસ્ટ્રી હોય છે. અન્ય દેશોમાં બીજી લહેર આવી ચૂકી છે. મેલેરિયામાં પણ દર 8 વર્ષે આવું કંઈક જોવા મળે છે. વાઇરસ સતત બદલાતો રહે છે. તેની પ્રકૃતિ અને સ્વરૂપો બદલતો રહે છે. "આપણે ત્યાં પણ હવે આફ્રિકન સ્ટ્રેઇન, યુરોપિયન સ્ટ્રેઇનની હાજરી હોવાના અહેવાલ જોવા મળ્યા છે. એક અંતરાલ પછી કેસોમાં ઉછાળો આવે છે જે સંક્રમણની તીવ્રતા દર્શાવે છે. જેને પીક આવી એમ કહેવામાં આવતું હોય છે."



# ભારતમાં અરૂણાચલ પ્રદેશ કોવિડમાં સૌથી ઝડપથી સાજું થઇ રહેલું રાજ્ય છે

**ઇટાનગર ।** ભારતમાં છેલ્લા કેટલાક સમયથી કોરોનાના નવા કેસોની સંખ્યા ઘટી રહી છે, ભારત સરકારે એકબાજુ કોરોનાનુ વેક્સિનેશન પણ શરૂ કરી દીધુ છે. ત્યારે આ બધાની વચ્ચે એક સારા સમાચાર સામે આવ્યા છે. રિપોર્ટ પ્રમાણે અરુણાચલ પ્રદેશમાં કોરોનાનો એકપણ નવો કેસ નથી નોંધાયો.

સ્વાસ્થ્ય વિભાગના એક અધિકારીએ ગુરુવારે જાણકારી આપી, એમણે જણાવ્યુ કે, અરુણાચલ પ્રદેશ, આ પૂર્વોત્તર રાજ્યમાં સંક્રમિતોની કુલ સંખ્યા 16,829 છે.

અધિકારીએ એલ જામ્પાએ જણાવ્યુ કે, બુધવારે વધુ બે લોકો સંક્રમણ મુક્ત થયા, ત્યારબાદ સ્વસ્થ થયેલા લોકોની કુલ સંખ્યા વધીને 16,764 થઇ ગઇ છે, રાજ્યમાં સ્વસ્થ થવાનો દર 99.61 ટકા છે. અરુણાચલ પ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં કોવિડ-19નો એકપણ નવો કેસ સામે નથી આવ્યો. અધિકારીએ જણાવ્યું કે હજુ પણ રાજ્યમાં નવો દર્દીઓ સારવાર હેઠળ છે, અને 56 લોકોના અત્યાર સુધી મોત થઇ ચૂક્યા છે.





**પોઝિટિવ કેસોનો જે રેટ છે તે પડકારજનક લાગી રહ્યો છે અને ફરી મોટાપાયે જનતાને નિયમોનું પાલન કરાવવું પણ એક પડકાર છે.**


**- બંછાનિધી પાની, સુરત મ્યુનિસિપલ કમિશ્નર**




# PREVENTIVE MEASURES at SCHOOL COVID-19




1. Wear face mask




2. Washing hands with soap or sanitizer




3. Temperature check



4. Spraying to disinfect




5. Keep distance and don't share items if possible

www.schoolweb.com

# માસ્કને આદત બનાવો, મેનાં અંતમાં બીજી પીક હળવી થશે

## વૈજ્ઞાનિકોએ રિસર્ચ બાદ કહ્યું કે-વેક્સિન લેવા જતી વખતની બેદરકારી પણ કારણભૂત છે, વેક્સિન લેવા જાવ ત્યારે માસ્ક પહેરો

**સુરત ।** કોરોના વાયરસની બીજી લહેર ભારતમાં ઝડપથી વધી રહી છે. આને જોતા વૈજ્ઞાનિકોએ મેથેમેટિકલ મોડલ સ્ટડીના આધારે કહ્યુ છે કે કોરોના મહામારીની બીજી લહેર મિડ એપ્રિલ સુધી પોતાના ચરમ પર એટલે પીક પર હશે. જો કે તેમણે એ પણ કહ્યું છે કે મેના અંત સુધી કોવિડ-19 સંક્રમણમાં ઘટાડો જોવા મળી શકે છે. આઈઆઈટી કાનપુરના મણીન્દ્ર અગ્રવાલ સહિત અન્ય વૈજ્ઞાનિકોએ રિસર્ચ બાદ કહ્યું છે કે ચાલી રહેલ કોરોના મહામારીની લહેર મિડ એપ્રિલમાં રોજ ઝડપથી વધવાની છે.

મણીંદ્ર અગ્રવાલે કહ્યુ છે કે છેલ્લા ઘણા દિવસોના કોરોના કેસને જોતા અમે મેથેમેટિકલ મોડલ પર સ્ટડી કર્યો છે જે બાદ અમે કહી શકીએ કે ભારતમાં કોવિડ-19ના કેસ 15થી 20 એપ્રિલ વચ્ચે પોતાના ચરમ પર હશે. એવામાં જો આ મહિને કોરોના પીક પર આવશે તો આ આશા રાખી શકાય કે મેથી કોવિડ1-9 ઘટવા લાગશે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે આ દરમિયાન એક દિવસમાં 90 હજારથી દોઢ લાખ નવા કેસ રોજના જોવા મળશે. જો કે બહુ હદ સુધી એ ટેસ્ટિંગ પર ડિપેન્ડ હશે કે એક દિવસમાં કેટલા ટેસ્ટ કરવામાં આવે છે. તેમણે કહ્યું છે કે આવનારા બે સપ્તાહ ખૂબ જ મહત્વના છે.




### બેદરકારીને કારણે વાયરસ ઝડપથી ફેલાઇ રહ્યો છે

ડો. ગુલેરિયાએ કહ્યુ કે વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે કારણકે લોકો આ માટે બેદરકારી રાખી રહ્યા છે, માસ્ક અને સોશિયલ ડિસ્ટંસીંગના નિયમોને લોકો ફોલો નથી કરી રહ્યા. દેશમાં હવે બાળકો પણ સંક્રમિત થઈ રહ્યા છે. જો કે તેમની પ્રતિરક્ષા વયસ્કોની સરખામણીમાં વધુ મજબૂત છે. તેમણે કહ્યુ કે પૂર્ણ રસીકરણ માટે દેશમાં 200 કરોડ ડોઝની જરૂર છે. તેમણે કહ્યુ કે કોરોના વેક્સીનની રસી લાગ્યા બાદ પણ લોકોએ 6 ફૂટનુ અંતર જાળવવુ જોઈએ અને દરેક સમયે માસ્ક પહેરવુ જોઈએ. કન્ટેન્ટમેન્ટ ઝોન વધારવાની જરૂર છે.

# રસી સામે હાંફ્યો કોરોના, દેશના 19 રાજ્યમાં ન થયું એક પણ મોત...

**ન્યૂ દિલ્હી ।** કોરોના વાયરસનો કહેર હવે ધીમો પડી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં દેશમાં 108 લોકોના મોત થયા છે. સૌથી વધુ મોત પશ્ચિમ બંગાળમાં થયા છે. પરંતુ દેશના 19 રાજ્યોમા એક પણ મોત થયું નથી. આ જાણકારી સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા તાજા આંકડામાં સામે આવી છે.

આ 19 રાજ્યોમાં આંધ્રપ્રદેશ,અરૂણાચલ પ્રદેશ, અંદમાન નિકોબાર ટાપુ, દાદરા નગર હેવલી અને દીવ દમણ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, લદ્દાખ, લક્ષદ્વીપ, મણિપુર, નાગાલેંડ, મેઘાલય, મિઝોરમ, ઓડિશા, પુડુચેરી, રાજસ્થાન, સિક્કમ, ત્રિપુરા અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં છેલ્લા 24 કલાકમાં 12,923 નવા કોરોના કેસ નોંધાયા છે અને 108 લોકોના મોત થયા છે. આ સાથે દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા 1,08,71,294 પર પહોંચી છે. જ્યારે 1,05,73,372 લોકો કોરોનાને હરાવી ચુક્યા છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક 1,55,360 પર પહોંચ્યો છે. જ્યારે એક્ટિવ કેસની કુલ સંખ્યા 1,42,562 છે.

सब के कानों पे एक ज़िम्मेदारी है, और वो जब जब घर से बाहर जा रहे हैं,
उसे बख़ूबी निभा रहे हैं, फिर आप MASK क्यूँ नहीं लगा रहे है ?

- અમિતાભ બચ્ચન, એક્ટર



# આ ભાવનાને સલામ : બાળકોને સાથે રાખી કરે છે કોવિડ ડ્યૂટી

## બાળકોને ઘરે સાચવનાર કોઇ નથી ત્યારે સંજીવની અભિયાન હેઠળ બાળકોને સાથે રાખી હોમ-આઇસોલેટ થયેલા દર્દીની કાળજી કરે છે





**વડોદરા |** વડોદરામાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે, જેને લઈ કોર્પોરેશને સંજીવની અભિયાનની શરૂઆત કરી છે. સંજીવની અભિયાનમાં એક આશા વર્કર મહિલા પોતાના નાના બાળકોને સાથે રાખી ફરજ બજાવી રહી છે. નાના બાળકોને સાથે રાખી ફરજ બજાવતા મહિલા કર્મચારીને ખૂબ ડર લાગે છે, છતાં ઘરે કોઈ બાળકોની સંભાળ રાખનાર ના હોવાથી મહિલા કર્મચારીને બાળકોને સાથે રાખી ફરજ બજાવવી પડી રહી છે. વડોદરા પાલિકાએ હોમ આઇસોલેટ થયેલા કોરોના પોઝિટિવ દર્દીઓની દેખરેખ રાખવા સંજીવની અભિયાન શરૂ કર્યું છે, જેમાં શહેરમાં તમામ ચાર ઝોનમાં 216 ટીમો બનાવી છે, જે કોરોના પોઝિટિવ દર્દીઓના ઘરે જઈ 10 દિવસ સુધી ઓક્સિજન, પલ્સ અને બીપીની તપાસ કરે છે. આવી જ કામગીરી શિયાબાગ અર્બન હેલ્થ સેન્ટર પર ફરજ બજાવતા ભાવના કોલવીન પણ કરે છે. ભાવનાબેન 8 મહિના પહેલા કોન્ટ્રાક્ટ પર પાલિકામાં આશાવર્કરની નોકરી પર લાગ્યા હતા. જેમને સંજીવની અભિયાનની ટીમમાં કામગીરી સોંપવામાં આવી છે. તેઓ પોતાની 2 અને 6 વર્ષની બાળકીને સાથે રાખી ફરજ બજાવી રહ્યા છે. ભાવનાબેન સંજીવની અભિયાનની કારમાં પોતાની બાળકીઓને સાથે રાખી ફરે છે, તેઓ હોમ આઇસોલેટ થયેલા કોરોના પોઝિટિવ દર્દીઓની તપાસ કરીને આવ્યા બાદ ખાસ કાળજી રાખે છે. સૌપ્રથમ પોતાના હાથ સેનેટાઈઝ કરે છે, બાદમાં બાળકીઓના હાથ સેનેટાઈઝ કરે છે. ત્યારબાદ જ બાળકીઓને હાથ લગાવે છે.


ભાવના કોલવીન કહે છે કે બાળકોને સાથે રાખી કોરોના પોઝિટિવ દર્દીઓના ઘરે જતાં સમયે ખૂબ ડર લાગે છે. મારા ઘરે બાળકીઓની સંભાળ રાખનાર કોઈ નથી એટલે બાળકીઓને સાથે લઈ કામ કરવાની ફરજ પડી છે. એક માતા અને એક કર્મચારી બંનેની ફરજ હું નિભાવી રહું છું. બાળકીઓને કોરોના થઈ જશે તેઓ ડર લાગ્યા કરે છે પરંતુ મારા ભગવાન મારી બાળકીઓની રક્ષા કરશે તેવો મને વિશ્વાસ છે.

**સાથે રહેવું હોય તો હમણાં દૂર રહો...**

**- અજ્ઞાત**



# રસી મૂકાવવા માટે નોંધણી કેવી રીતે કરાવશો?




## જો તમે ટેકનિકલી સજ્જ નથી તો...?

તો તમારે નજીકનાં નાગરિક સુવિધા કેન્દ્રમાં જઈ પોતાની નોંધણી કરાવવાની રહેશે. **કોલ સેન્ટર નંબર-1507** પરથી મદદ મેળવી શકાશે.

## આ સ્ટેપ ફોલો કરો

- કો-વિન એપ્લિકેશન, આરોગ્ય સેતુ એપ્લિકેશનનો ઉપયોગ કરો અથવા cowin.gov.in પર લોગ ઈન કરો.
- તમારો મોબાઈલ નંબર લખો.
- તમારું એકાઉન્ટ બનાવવા માટે એક OTP મેળવો.
- તમારું નામ, વય, જાતિ લખો અને ઓળખ કાર્ડ/આધાર કાર્ડ અપલોડ કરો.
- જો તમારી વય 45થી વધુ હોય અને તમને કોઈ બીમારી હોય તો ડોક્ટરનું સર્ટિફિકેટ પુરાવા તરીકે અપલોડ કરો.
- કેન્દ્ર અને તારીખ પસંદ કરો.
- એક મોબાઈલ નંબર દ્વારા 4 અપોઈન્ટમેન્ટ લઈ શકાશે.

Believe in the best
basil
ONCO CARE
A Comprehensive Cancer Centre

Add :-
8th Flr, Kashi Plaza,
Opp. Dayalji Ashram,
Majura Gate, Surat.

Dr. Nikunj Vithalani
7573013130,
7573013132

